# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-04-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

******************************************************

- લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો આજે અંતિમ દિવસ.....10 રાજ્યો, 2 કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 94 બેઠકો માટે 7 મેના રોજ થશે મતદાન..
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પદ્મ પુરસ્કાર એનાયત કરશે...ગુજરાતમાંથી સાહિત્યકાર રઘુવીર ચૌધરી, તબીબ તેજસ પટેલ સહિતની હસ્તીઓનું થશે સમ્માન...
- માલદીવની સંસદીય ચૂટંણીમાં રાષ્ટ્રપતિ મહોમ્મદ મોઈઝ્ઝુની પીપલ્સ નેશનલ કૉંગ્રેસ પાર્ટીએ 66 બેઠકો પર વિજય મેળવ્યો, જ્યારે કે વિપક્ષી દળ માલદીવ ડેમોક્રેટિક પાર્ટીની 11 બેઠકો પર જીત...
- હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસોમાં દેશના પૂર્વીય ભાગોમાં ભીષણ ગરમીની ચેતવણી....ચૂંટણી પંચે ગરમીને કારણે મતદાન પર અસરની સંભાવનાને જોતા કરી બેઠક.....
- અને આજે દેશ અને દુનિયાભરમાં વિશ્વ પૃથ્વી દિવસની થઈ રહી છે ઉજવણી....

************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

ELECTION 3RD PHASE

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આજે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ છે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 94 લોકસભા બેઠકો માટે 7મી મે ના મતદાન થશે. આ તબક્કામાં ગુજરાતની તમામ 26 સંસદીય બેઠકો, કર્ણાટકની 14 , મહારાષ્ટ્રની 11 અને ઉત્તર પ્રદેશની 10 બેઠકો પર મતદાન થશે. આ ઉપરાંત મધ્યપ્રદેશની આઠ બેઠકો, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો, ગોવા, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં બે-બે બેઠકો તેમજ જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર આ તબક્કામાં મતદાન થશે.

આ દરમિયાન ગુજરાતમાં આગામી લોકસભાની 26 બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો આજે બપોરે ત્રણ વાગ્યા સુધી પરત ખેંચી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે લોકસભાની 26 બેઠકો માટે 492 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 39 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા.

GUJARAT-LS POLLS-NOMINATIONS

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે 328 અને વિધાનસભા પેટાચૂંટણી માટે 27 ઉમેદવારોના નામાંકન માન્ય જણાયા હતા. શનિવારે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે સુરત લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું નામાંકન સાક્ષીના હસ્તાક્ષર વિસંગતતાને કારણે નકારી કાઢવામાં આવ્યું હતું. કોંગ્રેસના અવેજી ઉમેદવાર સુરેશ પડસાલાનું નામાંકન ફોર્મ પણ અમાન્ય કરવામાં આવ્યું હતું, પરિણામે સુરત બેઠક પર ચૂંટણી મેદાનમાં કોંગ્રેસનો કોઈ ઉમેદવાર રહેશે નહીં. ગાંધીનગર લોકસભા બેઠક પર સૌથી વધુ 30 ઉમેદવારો છે અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બારડોલી લોકસભા બેઠક પર સૌથી ઓછા 3 ઉમેદવારો છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કુલ 433 ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્રો ભર્યા હતા અને વિધાનસભા પેટાચૂંટણી માટે 37 ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્રો ભર્યા હતા. સંસદીય ચૂંટણી માટે મેદાનમાં રહેલા ઉમેદવારોની અંતિમ સંખ્યા આજે સ્પષ્ટ થઈ જશે કારણ કે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ છે.

## CONSTITUENCY PROFILE - BAGHPAT (UP)

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં 26 એપ્રિલે ઉત્તર પ્રદેશની 8 બેઠકો પર મતદાન થશે. જેમાં બાગપતની મહત્વની બેઠકનો સમાવેશ

થાય છે. આ સીટ પર સમાજવાદી પાર્ટીએ I.N.D.I એલાયન્સમાંથી અમરપાલ શર્માને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે NDA તરફથી રાષ્ટ્રીય લોકદળ, RLD જેણે રાજકુમાર સાંગવાનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

બહુજન સમાજ પાર્ટીએ પ્રવીણ બૈંસલાને મેદાનમાં ઉતાર્યા છે.અમારા સંવાદદાતા જણાવે છે કે, બાગપત લોકસભા સીટ પર 9 લાખ 70 હજાર 210 મતદારો ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. જેમાં 5 લાખ 27 હજાર 802 પુરૂષ મતદારો, 4 લાખ, 42 હજાર, 372 મહિલા મતદારો અને 34 અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

## ARUNACHAL PRADESH- REPOLL

અરુણાચલ પ્રદેશમાં ચાર વિધાનસભા મતવિસ્તારના આઠ મતદાન મથકો પર 24 એપ્રિલે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ માટે પુનઃ મતદાન હાથ ધરવામાં આવશે. હાલમાં 19 એપ્રિલે યોજાયેલ મતદાનને રદબાતલ જાહેર કરવામાં આવ્યું છે.

બામેંગ અને ન્યાપિન વિધાનસભા મતવિસ્તારમાં એક-એક મતદાન મથક, રુમગોંગમાં બે અને નાચો વિધાનસભા મતવિસ્તારમાં ચાર મતદાન મથકો પર ફરીથી મતદાન યોજાશે.

24મી એપ્રિલે સવારે 6 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી પુનઃ મતદાન યોજાશે. આ મતદાન મથકોના ફોર્મ 17Aની ચકાસણી તે જ દિવસે પુનઃ મતદાન બાદ તરત જ કરવામાં આવશે.

## PM-ALIGARH-RALLY-(FOR-MORNING)

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના અલીગઢમાં ચૂંટણી રેલીને સંબોધશે. અલીગઢ સંસદીય ક્ષેત્રમાં બીજા તબક્કામાં 26 એપ્રિલે મતદાન થશે. આ બેઠક પર વર્તમાન સાંસદ અને ભાજપના ઉમેદવાર સતીશ ગૌતમ, સમાજવાદી પાર્ટીના ચૌધરી બિજેન્દ્ર સિંહ અને બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર હિતેન્દ્ર કુમાર વચ્ચે મુકાબલો છે.

## KERALA-CAMPAIGN

કેરળમાં આજે ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી જનરલ વી કે સિંહ ચલાક્કુડી મતવિસ્તારમાં NDA ઉમેદવારના સમર્થનમાં જાહેર સભાઓ તેમજ પૂર્વ સૈનિકોન સંમેલનમાં ભાગ લેશે. પાર્ટીના નેતા અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા આજે સાંજે જાહેર સભામાં ભાગ લેશે. બાદમાં શ્રી શર્મા એર્નાકુલમ મતવિસ્તારમાં આજે સાંજે રોડ શોમાં ભાગ લેશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બિમારીના કારણે થ્રિસુર અને અલપ્પુઝામાં પોતાના જાહેર કાર્યક્રમો રદ્દ કર્યા છે.

સીપીઆઈ-એમના નેતાઓ પ્રકાશ કરાત કાસરગોડ, પથનમથિટ્ટામાં બ્રિન્દા કરાત અને અટ્ટિંગલમાં સુભાષિની અલીની જાહેર સભાઓમાં ભાગ લેશે. પાર્ટીના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી પિનરાઈ

વિજયન અને સીપીઆઈના રાષ્ટ્રીય સચિવ ડી રાજા કન્નુર મતવિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ જાહેર સભાઓમાં ભાગ લેશે.

PREZ-PADMA-AWARDS.rtf

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે પદ્મ પુરસ્કારો અર્પણ કરશે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુને પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવશે, આ ઉપરાંત ડૉ.બિંદેશ્વર પાઠકને મરણોત્તર પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવશે. અભિનેતા મિથુન ચક્રવર્તી અને ગાયિકા ઉષા ઉથુપને પદ્મ ભૂષણથી નવાજવામાં આવશે. સામાજિક કાર્યકર ડૉ.સીતારામ જિંદાલ, હૃદયરોગ નિષ્ણાંત ડૉ. તેજસ પટેલ અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ રાજ્યપાલ રામ નાઈકને પણ પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના જાણીતા તબીબ તેજસ પટેલની પદ્મ ભૂષણ, જ્યારે રઘુવીર ચૌધરી, યઝદી માણેક શા ઇટાલયા, હરીશ નાયક મરણોત્તર, દયાળ માવજીભાઈ પરમાર અને જગદીશ ત્રિવેદીને પદ્મ શ્રી પુરસ્કાર જાહેર થયા છે. પદ્મ પુરસ્કારો દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો છે અને તે ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે. પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. આ પુરસ્કારો દર વર્ષે ગણતંત્ર દિવસ પર જાહેર કરવામાં આવે છે.

kerela - CRPF

કેરળના રાજકીય રીતે સંવેદનશીલ જિલ્લા કન્નુરમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ-સીઆરપીએફ, ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ અને રેપિડ એક્શન ફોર્સના કેન્દ્રીય પોલીસ દળો પહોંચ્યા છે. જે વિસ્તારમાં અગાઉ માઓવાદીઓની હાજરીની જાણ થઈ હતી તે સ્થળ ઉપરાંત ઘણી જગ્યાએ આ દળને તૈનાત કરવામાં આવી રહ્યા છે.

આ દરમિયાન, કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી છે કે સાત જિલ્લામાં ચૂંટણી ફરજ પરના ઘણા અધિકારીઓને તેમના પોસ્ટલ બેલેટ મળ્યા નથી.

## MALDIVS RESULTS

માલદીવમાં સંસદીય ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. અત્યાર સુધી જાહેર  થયેલા પરિણામોમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ પક્ષ પીપલ્સ નેશનલ કૉંગ્રેસે સંસદની 86 બેઠકોમાંથી 66 બેઠકો પર જીત મેળવી છે. માલદીવના ચૂંટણી પંચે આ વિશે માહિતી આપી હતી.

આ ચૂંટણી રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ પાર્ટી માટે અગ્નિપરીક્ષા જેવી રહી. રાષ્ટ્રપતિ મુઇઝ્ઝુના પક્ષ સામે ભ્રષ્ટાચાર અને નીતિઓને લઈને આરોપો મૂકાતા રહ્યા છે. મુખ્ય વિપક્ષી દળ માલદીવ ડેમોક્રેકિટક પાર્ટી – MDP એ 2019ની ચૂંટણીમાં મોટા પાયે જીત હાંસલ કરી હતી. જોકે હવે આ ચૂંટણીમાં પક્ષેમાત્ર 11 બેઠકો પર જીત હાંસલ કરી છે. MDPના અધ્યક્ષ ફૈયાઝ ઇસ્માઇલે પીપલ્સ નેશનલ કૉંગ્રેસના ચૂંટાયેલા

સંભ્યોને શુભેચ્છા પાઠવી હતી. અને કહ્યું કે અમારી પાર્ટીના સભ્યો લોકતાંત્રિક મૂલ્યો માટે સરકાર સાથે મળીને કામ કરશે.

## ECI - HEATWAVE

દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા વધુ ગરમી તેમજ લૂની સ્થિતિને જોતા ચૂંટણી પંચે વિવિધ પક્ષો સાથે બેઠક કરી હતી. બેઠકમાં ગરમીને કારણે ઉભા થનારા જોખમને દૂર કરવા માટેના ઉપાયો પર ચર્ચા કરવામાં આવી. ભારતીય હવામાન વિભાગે અનુસાર આગામી કેટલાક દિવસોમાં દેશના પૂર્વીય ભાગોમાં લૂનો પ્રકોપ યથાવત રહેશે.

આગામી ચાર દિવસોમાં ઉત્તરપ્રદેશ, બિહારના પૂર્વીય ભાગ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા તેમજ દેશના અન્ય કેટલાક ભાગોમાં તીવ્ર ગરમી અને લૂની સ્થિતિ રહેવાની સંભાવના છે.

## EARTH DAY

આજે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. પર્યાવરણ સંરક્ષણના પ્રયાસોને સમર્થન આપવા માટે આ વર્ષની થીમ છે 'પ્લેનેટ vs પ્લાસ્ટિક' એટલે કે પ્લાસ્ટિક પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવો અને પૃથ્વી ગ્રહને બચાવવાની દિશામાં પ્રકૃતિ પર તેની અસર દૂર કરવી.

ઉલ્લેખનીય છે , યુનાઈટેડ નેશન્સ દ્વારા 22 એપ્રિલ, 1970 ના રોજ પૃથ્વી દિવસની ઘોષણા કરવામાં આવી હતી.

# GHAZIPUR- DELHI - FIRE

દિલ્હી નજીક આવેલ ગાઝીપુરમાં સૌથી મોટા કચરાના ઢગલા પર લાગેલી આગ પર દિલ્હી ફાયર વિભાગે કાબૂ મેળવી લીધો છે. ગઈકાલે સાંજે લાગેલી આગ આજે સવાર સુધી સળગી રહી હતી. દિલ્હી ફાયર સર્વિસના અધિકારી નરેશ કુમારે ગાઝીપુર કચરાના ઢગલામાં ઉત્પાદિત જ્વલનશીલ વાયુઓને કારણે આ આગ લાગી હોવાનું જણાવ્યું હતું. આગ બુઝાવવાની કામગીરીમાં 10થી વધુ ફાયર ટ્રકો જોડાઈ હતી.

ઉપરાંત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર આલે મુહમ્મદ ઈકબાલે આ સાઈટનું નિરીક્ષણ કર્યું હતું અને તેમણે કહ્યું કે, ગરમી અને હવામાન શુષ્ક હોવાને કારણે આગ લાગી હતી.